# અરવલ્લીમાં ત્રણ દિવસથી વાદળછાયા વાતાવરણથી ખેડૂતો ચિંતિત

અરવલ્લી, તા. ૧૩

અરવલ્લી જિલ્લા સહીત મોડાસામાં પાછલા ત્રણ દિવસથી વાતાવરણમાં અચાનક પલટો આવતા આકાશે વાદળો છવાયા હોવાથી અસહ્ય ગરમીથી છુટાકરો જિલ્લાવાસીઓ અનુભવી રહ્યા છે. બીજી બાજુ ખેડૂતોને માવઠાની દહેશત પેદા થતા ચિંતામાં ગરકાવ થઈ ગયા છે. શુક્રવારે મોડાસા શહેર સહીત જિલ્લાના કેટલાક વિસ્તારોમાં અમી છાંટણા થતા વરસાદી માહોલ સર્જાયો છે.

અરવલ્લી પંથકમાં છેલ્લા કેટલાય દિવસોથી શરદઋતુનું સામ્રાજ્ય જામ્યું હોવા છતાં ઊંચા ઉષ્ણતામાન અને વાતાવરણમાં ભારે ભેજના કારણે અનુભવાતી ગરમી અને ઉકળાટથી લોકો તોબા પોકારી ઉઠ્યા હતા ત્યારે મહારાષ્ટ્ર તરફથી સક્રિય થયેલી સિસ્ટમના પગલે છેલ્લા ત્રણ દિવસથી આકાશે વાદળો ઘેરાતા વાતાવરણમાં ઠંડક પ્રસરતા ગરમી બફારાથી આંશિક રાહત અનુભવી રહ્યા છે જિલ્લાના પ્રજાજનો બીજી બાજુ આકાશે વાદળો સતત ત્રણ દિવસથી ગોરંભાયેલા રહેતા અને સૂર્યનારાયણના દર્શન દુર્લબ બનતા જગતનો તાત મુશ્કેલીમાં મુકાયો છે. ખેતરોમાં ઉભા રહેલા પાક પલળી જવાની બીકે અને કોહવાઈ જવાની દહેશત પેદા થતા અને હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર ઝરમર ઝરમર વરસાદ પાડવાની સંભાવના વ્યક્ત કરાતા ખેડૂતોની હાલત કફોડી બની છે. વહેલી પરોઢે ભારે ભેજના કારણે ધુમ્મસ સર્જાતા સ્પષ્ટ વિજનના અભાવે વાહનચાલકો પણ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.





કેન્દ્રનાં જળ સંસાધન પ્રધાન સાધ્વી ઉમાભારતી બનાસકાંઠાની મુલાકાત દરમીયાન આજે યાત્રાધામ અંબાજીની મુલાકાતે પહોંચ્યા હતા. જ્યાં અંબાજી મંદિરે પહોંચતાં તેમનું તથા તેમની સાથે રાખેલાં ભગવાન શ્રી કૃષ્ણ (ઠાકુરજી)ની મંદિર ટ્રસ્ટ દ્વારા વૈદીક મંત્રોચ્ચારથી સ્વાગત કરાયુ હતુ અને ત્યાર બાદ કેન્દ્રીય પ્રધાન ઉમાભારતીએ મંદિરનાં નીજ ભાગમાં મા અંબાની પુજા-અર્ચના સહીત કપુર આરતી કરી હતી અને ત્યાર બાદ માતાજીની ગાદીએ ભટ્ટજી મહારાજ પાસે રક્ષા પોટલી બંધાવી આશીર્વાદ મેળવ્યા હતા. અંબાજી પહોંચેલાં કેન્દ્રીય પ્રધાન ઉમાભારતીએ ગુજરાતમાં ભા.જ.પા અને કેન્દ્ર માં મોદી સરકાર અખંડ રહે તે માટે માતાજીને પ્રાર્થના કરી હતી. એટલું જ નહીં દેશમાં કોંગ્રેસની હાલત ખુબ ખરાબ હોવાનું જણાવી કોંગ્રેસનાં ટોપના નેતાઓ બોલવાની સ્યમંતા ગુમાવી હોવાનું પણ આરોપ લગાવ્યો હતો. જોકે યુ.પી. અને ગુજરાત રાજ્યનાં વિકાસની સરખામણીએ ગુજરાતનાં વિકાસમાં જમીન આસમાનનો ફરક હોવાનું જણાવ્યુ હતુ. જ્યારે યુપીમાં માત્ર મોદીનાં નામથી જ બહુમતી મળતી હોય ત્યારે ગુજરાત તો મોદીજીનો જન્મ સ્થળ હોવાથી ગુજરાત મોદીજીની શાન ચોક્કસ વધારશે.

# હિંમતનગરની જેલમાં હરસોલના બુટલેગરનાં મોતથી ચકચાર

## સબ જેલમાં મોડી રાત્રે અચાનક તબીયત લથડતા હોસ્પિટલ ખસેડાયો : સારવાર દરમ્યાન મોત : મૃત્યુનું કારણ બહાર લાવવા તપાસ શરૂ

તલોદ, તા. ૧૩

સ્ટેટ મોનીટરીંગ દ્વારા રવિવારે તલોદ અને હરસોલ વિસ્તારમાં સપાટો બોલાવી ચાર બુટલેગરોને દારૂના જથ્થા સાથે પકડી પાડ્યા હતા. કોર્ટમાં રજૂ કરીને ચારેય બુટલેગરોને હિંમતનગર સબ જેલમાં મોકલવામાં આવ્યા હતા. આ પૈકી એક હરસોલમાંથી પકડાયેલા શરફત યુસુફ મનસુરીની ગઈ મોડીરાત્રે સબ જેલમાં જ તબીયત લથડી હતી. હોસ્પિટલ લઈ જવાયેલા આ બુટલેગરનું મૃત્યુ થઈ જતા ચકચાર મચી જવા પામી છે.

સ્ટેટ મોનીટરીંગ સેલે દરોડા પાડીને પકડેલા ચાર બુટલેગરો સબ જેલમાં કાચા કામના કેદી તરીકે હતા. હરસોલમાંથી પકડાયેલા સફરત યુસુફ મનસુરીને ગઈ રાત્રે જેલમાં અચાનક ખેંચ સાથે ગભરામણ શરૂ થઈ ગઈ હતી. જેલર સહીતના સ્ટાફે તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયો પરંતુ ત્યાં તેનું મૃત્યુ નિપજ્યું હતું. આ ઘટનાને ગંભીરતાથી લઈ ઉચ્ચ પોલીસ અધિકારી દ્વારા ઘટના અંગે તપાસના આદેશ આપવામાં આવ્યા છે. બુટલેગરના મૃતદેહનું પી.એમ. કરાવી પ્રાથમિક તબક્કે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃત્યુનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરવામાં આવી છે. હજુ પણ પોલીસની રહેમ નજર હેઠળ સંખ્યાબંધ દારૂની હાટડીઓ ચાલી રહી હોવાનુંસુત્રો પાસેથી જાણવા મળ્યું છે.

# આજે પુષ્પ નક્ષત્રના દિવસે ધનસુરામાં સોના, ચાંદી, વાહનો અને ચોપડાની ખરીદીમાં ભીડ

ધનસુરા, તા. ૧૩

દીવાળી પર્વના આડે ગણતરીના દિવસો



બાકી રહ્યા છે ત્યારે આજે અરવલ્લીમા પુષ્યનક્ષત્ર શરૂ થતા સોની બજાર અને વાહનના શો રૂમોમાં અને ચોપડાની દુકાનોમાં તેજીનો માહોલ જોવા મળ્યો હતો.

લોકોએ સોના અને ચાંદીની ખરીદી કરી હતી. સાથે લોકોએ નવા વાહનોની પણ ખરીદી કરી હતી. તો લોકોએ ચોપડાની પણ ખરીદી કરી હતી. બાઈકોના શો રુમોમા પણ ભીડ જણાતી હતી. લોકોએ પુષ્પ નક્ષત્રમા ચોપડાના પૂજન માટે આજે ચોપડાની પણ ખરીદી કરી હતી. દુકાનદારો પણ મો મીઠું કરાવી ગ્રાહકોને આવકારી રહ્યા હતા.

જયોતિષોના મતઅનુસાર પુષ્પ નક્ષત્રમાં સોના-ચાંદીની વસ્તુઓની ખરીદી કરી હોય તો લાભદાયક સાબિત થાય છે. ત્યારે જિલ્લાભરમાં સોનીઓની દુકાનમાં સોના-ચાંદીની ખરીદી કરવા માટે લોકોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. શહેરીજનોએ પુષ્પ નક્ષત્રમાં શુકન પુરતાં પણ



દાગીના તેમજ સિક્કાઓની ખરીદી કરી હતી.



## હિંમતનગર નાગરિક બેંકના સૌપ્રથમ મહિલા એમડીપદે કલ્પનાબેન પટેલની વરણી

સાબરકાંઠા જિલ્લામાં અને જિલ્લામથક હિંમતનગર ખાતે કાર્યરત હિંમતનગર નાગરિક સહકારી બેંકના મેનેજીંગ ડિરેક્ટર પદે સૌ પ્રથમવાર મહિલા ડિરેક્ટરની નિમણુંક કરવામાં આવી છે. આ સૌભાગ્ય કલ્પનાબેન દેવેશભાઈ પટેલને સાંપડ્યું છે. હિંમતનગર નાગરિક સહકારી બેંક સાબરકાંઠા જિલ્લાની અગ્રણી સહકારી બેંક છે. આ બેંકના મેનેજિંગ ડિરેક્ટર પદે સૌ પ્રથમવાર મહિલા હોદ્દેદારની નિમણુંક કરવામાં આવી છે. મેનેજિંગ ડિરેક્ટર પદે કલ્પનાબેન દેવેશભાઈ પટેલની નિમણુંક બોર્ડ ડિરેક્ટર્સની સર્વસંમતિથી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે કલ્પનાબેન પટેલ હિંમતનગર નગરપાલિકામાં પણ કોર્પોરેટર તરીકે સેવાઓ આપી રહ્યાં છે. બેંકમાં એમડીપદે તેમની નિમણુંકના પગલે બેંક પરિવાર તથા પાલિકા પરિવાર દ્વારા તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# આવતીકાલે કોચરબ આશ્રમ ખાતે પ્રાથમિક શિક્ષકોની લડત

હિંમતનગર, તા. ૧૩

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ અને ખેડા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના સંયુક્ત ઉપક્રમે શિક્ષકોને તેમના પડતર પ્રશ્નો બાબતે લડત આપવા તા. ૧૫મી ઓક્ટોબરે સવારે ૧૦.૩૦ કલાકે અમદાવાદના પાલડી વિસ્તારમાં કોચરબ આશ્રમ ખાતે ઉપસ્થિત રહેવા જણાવાયું છે. ખેડા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આ લડત શિક્ષકોના સ્વાભિમાન અને હક્કની હોવાને કારણે તમામ શિક્ષકોએ સ્વખર્ચે સો ટકા હાજરી આપવા હોદ્દેદારો દ્વારા હાંકલ કરવામાં આવી છે.

# અરવલ્લી જિલ્લામાં મગફળીની વીમા સહાયમાં મંડળીઓ ખેડૂતો પાસેથી ૫ થી ૧૦ ટકા રકમ ઓળવી જતા હોવાની બુમ

અરવલ્લી, તા. ૧૩

વર્ષ ૨૦૧૫-૧૬માં મગફળીનો પાકનું વાવેતર અરવલ્લી જિલ્લામાં મોટા પ્રમાણમાં કરવામાં આવ્યું હતું. પરંતુ અગમ્ય કારણોસર કેટલાક ખેડૂતોના ખેતરોમાં ઉભે-ઉભો નિષ્ફળ જતા પ્રધાનમંત્રી ફસલ યોજના હેઠળ વીમા કંપની દ્વારા વળતળ ચુકવવામાં આવતા અને બેંકોમાં રકમ જમા થયી જતા અરવલ્લી જિલ્લાની કેટલીક મંડળીઓના સેક્રેટરી દ્વારા ખેડૂતો પાસેથી પાક વિમાની રકમ ચુકવવામાં ૫ થી ૧૦ ટકા રૂપિયાની ઉઘરાણી કરવામાં આવતા ખેડૂતો માટે પડતા પર પાટુ જેવો ઘાટ સર્જાયો છે. ત્યારે ધિરાણ આપનાર સંસ્થાઓ દ્વારા ખેડૂત સિવાય ખેડૂતોના ચેક લઈ નાણા ઉપાડવા આવતા અન્ય વ્યક્તિઓને નાણા આપવામાં ન આવે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. જેથી બિચારા ખેડૂતોને મળતા હકના રૂપિયા પર કોઈ તરાપ ન મારી શકે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર, અરવલ્લી જિલ્લા સહીત મોડાસા તાલુકામાં વર્ષ ૨૦૧૫-૧૬ ખેડૂતોને વીમા કંપની દ્વારા મગફળીના પાક નિષ્ફળ રહેતા પચાસ ટકાના રેશિયામાં વળતળ ચુકવવામાં આવ્યું છે. ત્યારે આ પાક વીમાની રકમ પર કેટલીક મંડળીઓના સેક્રેટરી દ્વારા ડોરો નાખી મંજુર થયેલી વિમાની રકમમાંથી ૫ થી ૧૦ ટકા રકમ વીમો પાસ કરાવવા ખર્ચ થયો હોવાનું કારણ આગળ ધરી ઉઘરાણું કરવામાં આવતું હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે અને ખેડૂતો પાસેથી એડવાન્સ ચેક પણ લઈ લેવા લેવામાં આવ્યા હોવાની વાત સપાટી પર આવતા ખેડૂતોમાં આવા સેક્રેટરીઓ સામે ભારે રોષ ફેલાયો છે અને ખેડૂતો પાસેથી જેટલી રકમ વીમા સ્વરૂપે મળી હોય તેટલી રકમનો ચેક લઇ લેવામાં આવતો હોવાનું અને ખેડૂતને ૫ થી૧૦ ટકા રકમ કાપી લઈ ખેડૂતોને રોકડા રૂપિયા આપવામાં આવી રહ્યા છે અને અધધ રૂપિયા ખેડૂતો પાસેથી ઉલેચી લેવા કેટલીક મંડળીઓના સેક્રેટરીઓ મેદાને પડ્યા હોવાની બુમરાણ ઉઠી છે ત્યારે ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતોના રૂપિયા પુરે પુરા ખેડૂતોને મળે તેવી યોગ્ય વ્યવસ્થા ગોઠવામાં આવે તેવી માંગ ખેડૂતોમાં પ્રબળ બની છે.

મોડાસા તાલુકાના એક જાગૃત નાગરિક દ્વારા નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે તેમને ૨૦૧૫-૧૬ વર્ષમાં મગફળીનો પાક નિષ્ફળ જતા વીમા કંપનીએ ૭૦૦૦૦ રૂપિયાની વળતળ ચુકવવામાં આવી હતી. જેમાંથી ૯૦૦૦ રૂપિયા મંડળીના સેક્રેટરી દ્વારા માંગવામાં આવી રહ્યા હોવાનું જણાવ્યું હતું અને પાકવીમો પકાવવા ખર્ચો થયો હોવાનું જણાવી છેક મોટા અધિકારીઓ સુધી રકમ પહોંચાડવી પડતી હોવાનું કારણ ખેડૂત આગળ રજુ કરી ૯૦૦૦ રૂપિયાની ઉઘરાણી કરવામાં આવતી હોવાનું જણાવ્યું હતું અને ખેડૂતોને પાકના વીમાની રકમમાંથી કટકી કરતા સેક્રેટરીઓ સામે સંબંધિત તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવે તે ખુબ જ જરૂરી બન્યું છે.

# મહેસાણામાં આધેડનું અપહરણ કરી મોતને ઘાટ ઉતારનાર બે આરોપીઓની ધરપકડ

## હિમાંશુ રાઠોડ અને રવીન્દ્ર ઉર્ફે રવિ ભીલની ધરપકડ કરતી એલસીબી પોલીસ

પોસ્ટમાં રીકરીંગ કામ કરીને આવતા આધેડ શકશનું અપહરણ કરીને પૈસા પડવાનો પ્લાન ઘડી દીધો હતો. અને આખરે તેને ગાડીમાં જ



મોત થતા કચરો નાખવાની ડમ્પિંગ સાઈટમાં તેની લાશ નાખીને સળગાવવાનો પ્રયત્ન કર્યો હતો.

મહેસાણામાં નિવૃત્ત તલાટી કે જે, પોસ્ટમાં રીકરીંગનું કામ કરતો હતો. તેને રોજ એક જગ્યાએ બેસવું ભારે પડ્યું. રોજ એક શક્શની દુકાને તે બેસીને રોજનો હિસાબ કરતો. અને તે રૂપિયાનો હિસાબ તેને મોત સુધી ધકેલી ગયું. મહેસાણામાં રહેતા ચંદ્રકાંત પંચાલ તલાટીમાઠી નિવૃત્ત થયા બાદ પોસ્ટમાં રીકરીંગનું કામ કરતા હતા. ચંદ્રકાંત પંચાલ રોજ પોતાનું કામ કરીને બજારમાં મોબાઈલની દુકાન ધરાવતા હિમાંશુ રાઠોડ નામના યુવકની દુકાને બેસતા, અને હિસાબ કરતા. જે હિમાંશુના નજરમાં હતું. અને ચંદ્રકાન્તભાઈના વિશ્વાસમાં જતું. તેવામાં હિમાંશુના મિત્ર રવીન્દ્ર ઉર્ફે રવિ ભીલને પૈસાની ખેંચ પડી. જાણવા મળેલ માહિતી મુજબ તે હોંગકોંગ જઈને દેવું થતા પરત આવ્યો હતો. શોર્ટકટમાં પૈસા મેળવવા રવીએ હિમાંશુને વાત કરી. અને હિમાંશુએ ચંદ્રકાંતભાઈ ધ્યાને આવ્યા. બંનેએ રીકરીંગ ખાતું ખોલાવવાનું બહાનું કાઢીને ૯ ઓક્ટોબરએ બપોરના સમયે ચંદ્રકાંતભાઈને બોલાવી તેમની કારમાં લઈ ગયા. શહેરની બહાર જઈને ગાડીમાં જ તેમની સાથે મારામારી કરી જેમાં ચંદ્રકાંતભાઈનું મોત થયું. હવે પ્રશ્ન એ હતો કે, લાશનું શું કરવું. બપોરે અઢી વાગે લાશ ગાડીમાં જ કપડાથી ઢાંકીને બંને હિમાંશુની દુકાને આવ્યા. અને ત્યાંથી મહેસાણા બાયપાસ થઈ, ઊંઝાના ઉનાવા પહોચ્યા. જ્યાંથી ચંદ્રકાંતભાઈના ફોન પરથી જ તેમના દીકરા પાસેથી રૂ. ૨૫ લાખની ખંડની માગી હતી. અને લાશનું કાઈ ઠેકાણું નહિ પડતા બંને પરત મહેસાણા રામોસણા તરફ આવીને પેટ્રોલ પંપ પરથી પેટ્રોલ લીધું. ચાર થી પાંચ કલાક લાશ કારમાં લઈને ફર્યા બાદ બંને શોભાસણ નજીક કચરો નાખવાની ડમ્પિંગ પાસે આવ્યા. અંધારું થતા લાશ પર પેટ્રોલ નાખી સળગાવીને ફરાર થઈ ગયા.

# કમાલપુર પાસેથી રીક્ષામાંથી પાંચ પેટી દારૂ પકડયો

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના કમાલપુર પાસેથી રાત્રીના સમયે પાંચ પેટી દારૂ ભરેલ રીક્ષા મળી આવી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ નેશનલ હાઈવે




આઠ પ્રાંતિજના કમાલપુર પાસે રાત્રીના સમયે પોલીસ પેટ્રોલિંગ દરમ્યાન સી.એન.જી રીક્ષા નંબર જી.જે.૨૭ યુ ૬૧૫૩નો ચાલક રીક્ષામાં પાંચ પેટી દારૂ ભરીને જઈ રહ્યો હતો તે સમયે પોલીસને જોઈ જતા પોતે રીક્ષા મુકીને ભાગી ગયો હતો. જયારે પોલીસને શક જતા તપાસ કરતાં રીક્ષાની અંદર તપાસ કરતાં પાંચ પેટી દારૂ જેની કિંમત રૂ.૩૦,૦૦૦ તથા એક મોબાઈલ જેની કિંમત-૨૦૦૦ તથા રીક્ષાની કિંમત ૭૫૦૦૦ મળી કુલ કિંમત ૧૦૭૦૦૦નો મુદ્દામાલનો કબજો લઈને આગળની તપાસ હાથ ધરી છે.

# કેન્દ્ર સરકારના ઉચ્ચ અધિકારીઓએ મહેસાણા જિલ્લામાં ધામા નાખ્યાં

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ અંતર્ગત ભારત સરકારના પર્સોનલ વિભાગના જોઈન્ટ સેક્રેટરી જી.ડી. ત્રિપાઠીએ મહેસાણા જિલ્લાની મુલાકાત કરી હતી. જિલ્લાની મુલાકાત દરમિયાન જી.ડી. ત્રિપાઠીએ જિલ્લાના અધિકારીઓ અને જિલ્લાના વિવિધ વેપારી સહિત જી.એસ.ટીને લગતા તમામ એસોશિયેશનના હોદ્દેદારો સાથે બેઠક કરી ચર્ચા વિચારણા કરી હતી. મહેસાણા જિલ્લાના વિસનગરમાં જી.એસ.ટી. સેવા કેન્દ્રની મુલાકાત કરી હતી. જેમા જી.એસ.ટી સોફ્ટવેર સહિતની તકનીકી બાબતોમાં પડતી મુશ્કેલીઓ જાણી હતી. ઉંઝા માર્કેટયાર્ડ ખાતે વેપારીઓ સાથે મુલાકાત કરી જી.એસ.ટી સંદર્ભે સલાહ સુચનો મેળવ્યા હતા. ઉનાવા તમાકુ માર્કેટમાં તમાકુના પર લાગેલ ટેક્ષ બાબતે મુલાકાત કરી વેપારીઓના જરૂરી સુચનો મેળવ્યા હતા.

મહેસાણા સરકીટ હાઉસ સહિત ઉંઝા,વિસનગર અને ઉનાવા ખાતે યોજાયેલ બેઠકમાં વિવિધ મુદ્દાઓની ચર્ચા કરાઈ હતી. જિલ્લામાં જી.એસ.ટી સોફ્ટવેરમાં તકનીકી મુશ્કેલીઓ જાણી હતી. જેમાં જી.એસ.ટીની તકનીકી નિવારણ માટે




કાયદા અંતર્ગત જાગૃતિ લાવવા સંબધિત વિભાગને પ્રચાર-પ્રસાર કરવા પણ જણાવ્યું હતું. આ ઉપરાંત દુકાનોમાં જી.એસ.ટીના નવા રેટ ડિસ્પલે કરવા જણાવ્યું હતું. જી.એસ.ટી થકી વસ્તુઓ અને સેવાઓપરની કિંમત પર થયેલ પ્રભાવ બાબતે માહિતી મેળવી હતી. રાજ્યસ્તરે હેલ્પ લાઈન, બેન્કો જી.એસ.ટી. કાયદા અંતર્ગત વેપારીઓને સહયોગ આપે, ઈ.આર.એન નંબર પરથી ડોક્યુમેન્ટ ઓપન કરી શકાય, પેમેન્ટ અને રીટર્નની અલગ તારીખો રાખવી, રીવાઈઝ કરવાની સુવિધા સહિતની વિવિધ બાબતો પર ચર્ચા કરાઈ હતી.

# ભારત સરકારના નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી દ્વારા હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે મોકડ્રીલ યોજાઈ

હિંમતનગર, તા. ૧૩

સમગ્ર વિશ્વમાં ડીઝાસ્ટર રીડક્સન ડે તરીકે ઉજવાય છે. ત્યારે ગુજરાત સરકારના ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી ગાંધીનગરની સુચનાથી કલેક્ટર કચેરી ડીઝાસ્ટર શાખા દ્વારા આજરોજ સિવિલ હોસ્પિટલ હિંમતનગર ખાતે ભૂકંપ અંગેની ઓનસાઈટ મોકડ્રીલ ફાયર વિભાગ હિંમતનગર અને ઈડરના સંકલનથી યોજવામાં આવી હતી. આ પ્રસંગે સિવિલ હોસ્પિટલની ભૂકંપ સંદર્ભે પૂર્વતૈયારી, ઉપલબ્ધ સાધન સામગ્રી, મેનપાવર અને રિસ્પોન્સ ટાઈમની ચકાસણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કલેક્ટર સાબરકાંઠાના પ્રજાજોગ સંદેશને પ્રસારિત કરવામાં આવ્યો હતો.

સમગ્ર મોકડ્રીલનું ૪ જેટલા નિરીક્ષકો ધ્વારા નિરીક્ષણ, અવલોકન કરવામાં આવ્યું હતું અને બાદમાં બ્રીફિંગ મીટીંગ ધ્વારા કેટલાક સૂચનો પણ કરવામાં આવ્યા હતા. બ્રીફિંગ દરમિયાન મામલતદાર ડિઝાસ્ટર અને ડીપીઓ ડીઝાસ્ટર ધ્વારા આ મોકડ્રીલનો હેતુ, ઉદેશ શું હતો તેની ચર્ચા કરવામાં આવી હતી, ઘટના નિયંત્રક તરીકે સિવિલ સર્જન ઉપસ્થિત હતા. નાયબ મામલતદાર પુર રાહત, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, નિવાસી તબીબી અધિકારી, વહીવટી અધિકારી, સિવિલ સ્ટાફ, ડોકટરો, ફાયર ઈન્સ્પેકટર હિમતનગર અને ઈડરે આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ફાયરબ્રિગેડ ધ્વારા ૧૦ જેટલા નિદર્શનો થકી ભૂકંપ દરમિયાન બચાવ કામગીરી કેવી રીતે કરી શકાય તેનું લાઈવ નિદર્શન આપ્યું હતું. સિવિલની પ્રાથમિક સારવાર સમિતિ ધ્વારા પણ ઘવાયેલા દર્દીઓને ગોલ્ડન ટાઈમમાં સારવાર આપવામાં આવી હતી.